અનામત વર્ગોને અપાતી છૂટછાટો અને
રાહતો બાબતમાં સ્પષ્ટતાઓ કરવા અંગે

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંક : પવસ--૧૦૯૯--મુમ--૧૩--ગ.૪,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :૨૯/ ૧ / ૨૦૦૦

**વંચાણમાં લીધા :-**

૧. સા.વ.વિ.નો તા. ૧૧.૧૨.૧૯૮૬નો ઠરાવ ક્રમાંક : પવસ--૧૩૮૬--(૧)--ગ--૫,
૨. સા.વ.વિ.નો તા. ૨૦.૫.૧૯૯૩નો ઠરાવ ક્રમાંક : પવસ--૧૨૯૦--૨૨૨૨--ગ--૪,
૩. સા.વ.વિ.નો તા. ૮.૩.૧૯૯૯નો ઠરાવ ક્રમાંક : પવસ--૧૬૯૬--૮૭૮--ગ--૪,
૪. ભારત સરકારના કર્મચારીગણ, લોક ફરિયાદ અને પેન્શન મંત્રાલય (કર્મચારી ગણ અને તાલીમ વિભાગ) ની તા.૧.૭.૯૮ની કચેરી યાદી ક્રમાંક ૩૬૦૧૧/ ૧/૯૮ --ઈએસટીટી--(આર.ઈ.એસ),
૫. સા.વ.વિ.નો તા. ૩૧.૮.૯૯નો પરિપત્ર ક્રમાંક : પવસ--૧૬૯૬--૮૭૮--ગ.૪,

**પરિપત્ર :-**

સીધી ભરતીની નિમણૂકોના કેસોમાં ઉપર સંદર્ભ--૩ હેઠળના સરકારના સા.વ.વિ.ના તા.૮.૩.૯૯ના ઠરાવમાં અને સંદર્ભ --૫ હેઠળના તા. ૩૧.૮.૯૯ના પરિપત્રમાં અનુસૂચિત જાતિઓ/ અનુસૂચિત જન જાતિઓ/ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની જે વ્યકિતઓ અનામતના હિસાબે નહી, પરંતુ તેમની પોતાની ગુણવત્તાને આધારે પસંદગી પામી નિમાયેલા હોય તેમને તેમના અનામતના નિર્ધારિત કવોટા સામે ગણતરીમાં ન લેવા એટલે કે તેમને રોસ્ટરમાં બિન અનામત ક્રમાંકો સામે સ્થાન આપી સામાન્ય વર્ગના ઉમેદવારો તરીકે ગણવાના રહેશે, તેવી જે જોગવાઈ અને સ્પષ્ટતા કરવામાં આવેલી છે, તેમાં ભારત સરકારના કર્મચારીગણ, લોક ફરિયાદ અને પેન્શન, કર્મચારીગણ અને તાલીમ ખાતાના ઉપર સંદર્ભ-- ૫ હેઠળની તા. ૧.૭.૯૮ની કચેરી યાદીને અનુલક્ષી કેટલીક સ્પષ્ટતાઓ બહાર પાડવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. આ બાબતમાં કાળજીપૂર્વક અને પુખ્ત વિચારણાના અંતે તે અંગે હવે એમ સ્પષ્ટતા કરવામાં આવે છે કે, સામાન્ય વર્ગના ઉમેદવારોને જે ધોરણ લાગુ પાડવામાં આવેલ હોય એ જ ધોરણે પસંદગી પામેલા હોય એવા જ અનુસૂચિત જાતિઓ/ અનુસૂચિત જન જાતિઓ/ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉમેદવારો માત્રને જ તેમની અનામતની નહી પરંતુ બિન અનામતની જગ્યાઓ સામે ગણતરીમાં લેવાના રહેશે/ સરભર કરવાના રહેશે. જ્યારે વય મર્યાદા, અનુભવની લાયકાત, લેખિત પરીક્ષામાં મળવાપાત્ર તકોની સંખ્યા, સામાન્ય વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલા વિચારણાના ક્ષેત્ર, વગેરેમાં અનુસૂચિત જાતિઓ/ અનુસૂચિત જન જાતિઓ/ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉમેદવારોની પસંદગીમાં છૂટછાટનું ધોરણ લાગુ પાડેલ

હોય ત્યારે તદ્અન્વયે પસંદગી પામેલા અનુસૂચિત જાતિઓ/ અનુસૂચિત જન જાતિઓ/ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉમેદવારોને તેમની અનામતની જગ્યાઓ સામે ગણવાના રહેશે. આવા ઉમેદવારો બિન અનામત જગ્યાઓ સામેની વિચારણા માટે બિન ઉપલબ્ધ હોવાનું ગણાશે.

૨. સંદર્ભ હેઠળના સરકારના સા.વ.વિ.ના તા. ૮.૩.૯૯ના ઠરાવને અમલિત કરતી વખતે ઉપરોક્ત સ્પષ્ટતાઓને અનુરુપ કાર્યવાહી કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મ.ચો. શાહ)
ઉપસચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર,
મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, ગાંધીનગર,
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર,
સર્વે મંત્રીશ્રીઓ/ રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/ નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર,

× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર,
× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ,
× સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા આયોગ, અમદાવાદ,
× રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ,
× સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ,
× સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર,

સચિવાલયના તમામ વિભાગો,
તમામ ખાતાના વડાની કચેરી,
હિસાબી અને તિજોરી નિયામકશ્રી, અમદાવાદ,
પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકશ્રી, અમદાવાદ,
એકાઉન્ટન્ટ જનરલશ્રી, (૧) ઓડિટ-૧, ગુજરાત રાજ્ય, અમદાવાદ,
એકાઉન્ટન્ટ જનરલશ્રી, (૨) ઓડિટ, ગુજરાત રાજ્ય, રાજકોટ,
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર,
નિવાસી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર,
સર્વે બોર્ડ/ કોર્પોરેશનો, જાહેર સાહસો, વૈધાનિક સંસ્થાઓ, યુનિવર્સિટીઓ,
રાજ્ય સરકાર હેઠળના સર્વે માન્ય મંડળો,
સા.વ.વિભાગની તમામ શાખાઓ,
સિલેક્ટ ફાઈલ

---

× પત્ર દ્વારા.